VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# ભારતીય સંગીતના ધર્મ અને આધ્યાત્મિકતાના સંદર્ભમાં પ્રકૃતિ પરનો સાતત્યપૂર્ણ પ્રભાવ


## વૈદ્ય હયાતી દેવેન્દ્રભાઈ

રિસર્ચ સ્કોલર, સંગીત વિભાગ, ઉપાસના સ્કૂલ ઓફ પરફોર્મિંગ આર્ટસ,
ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ ૩૮૦૦૦૯.

## ડૉ. શ્વેતકેતુ અવિનાશ વોરા

## ડૉ. વિરાજ અમર



## ABSTRACT

સંગીત માનવ જીવન અને સમગ્ર સૃષ્ટિમાં આદિકાળથી વ્યાપ્ત છે. સમષ્ટિનું પ્રત્યેક તત્વ સાંગીતિક ઊર્જાથી ઉજ્જવલ છે. સંગીતનું મૂળ હાર્દ સ્વર, લય અને તાલ લયાત્મક સૃષ્ટિ સાથે સંબદ્ધ છે. પ્રસ્તુત લેખમાં સૃષ્ટિનાં વિભિન્ન તત્વોમાં સંગીતની વ્યાપ્તિ અને સંગીતની પ્રકૃતિ પર અસર વિષે પ્રકાશ પાડવામાં આવ્યો છે.


ભારતીય સંસ્કૃતિની ગૌરવમયી પરંપરાની અમૂલ્ય ધરોહર સંગીત સૃષ્ટિના ઉદ્ભમના સમયથી જ પ્રકૃતિ દ્વારા પ્રાપ્ત અને વિશ્વની પ્રત્યેક ગતિવિધિમાં સમાહિત સ્વર્ગીય કલા છે. સંગીત એ મધુર ધ્વનિઓ કે સ્વરોનું વિશિષ્ટ નિયમાનુસાર લય દ્વારા થનારું પ્રસ્ફુટન છે એટલા માટે જ એનો પ્રભાવ પ્રકૃતિ અને મનુષ્ય બંને પર સમાન રૂપે પડે છે. પ્રકૃતિનાં પંચમહાભૂત તત્વો- જલ, અગ્નિ, પૃથ્વી, વાયુ અને આકાશ-સંગીતના પ્રભાવથી વંચિત નથી. સંગીત એક જીવનધારા છે જે પ્રકૃતિનાં ચર-અચર તત્વો તેમજ વિશેષકર મનુષ્ય પર શારીરિક અને માનસિક બંને રીતે અવગાહન કરે છે તેમ આપણા ઈતિહાસમાં પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એનું चक्षु वै सत्यम् પ્રમાણ પ્રાચીન શિલ્પ કૃતિઓ દ્વારા પ્રાપ્ત છે. આધુનિક પ્રયોગોએ એ પણ સિદ્ધ કર્યું છે કે પ્રકૃતિનાં તમામ તત્વો સંગીતમય સમષ્ટિ રચે છે. 'The Stages of Music'નામનાં પુસ્તકના લેખક જાકોબિલે સંગીતને આદિ અનંત કહ્યું છે. સંગીતનાં મુખ્ય ત્રણ તત્વો સ્વર, તાલ અને લય(સમય) સમગ્ર સૃષ્ટિને પ્રભાવિત કરવામાં સામર્થ્યવાન છે.

પ્રાચીનકાળથી તજજ્ઞો દ્વારા સંગીતના મુખ્ય સાત સ્વરો માનવામાં આવ્યા છે. ષડ્જ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદ. પ્રત્યેક સ્વર અન્યથી સર્વથા ભિન્ન છે. આ સ્વરોની વિવિધ ગોઠવણી દ્વારા વિભિન્ન થાટનું નિર્માણ થાય છે અને આ થાટ દ્વારા રાગોની ઉત્પત્તિ થાય છે. રાગોની ભાવસભર વ્યંજનાથી ભિન્ન-ભિન્ન રસોની સૃષ્ટિ નિર્મિત થાય છે. સ્વરોના પ્રભાવ તથા રાગો દ્વારા ઉત્પન્ન રસોની સૃષ્ટિ માટે સાધના કરવી અત્યાવશ્યક છે. સંગીત સાધનામાં યોગ પણ સંમિલિત છે કેમ કે ગાયનની સાધના કંઠ સંસ્થાન અને શ્વાસનળી માટે મહત્વપૂર્ણ આયામ માનવામાં આવ્યો છે. આ રીતે ગાયન માત્ર મનને આનંદિત જ નથી કરતું પરંતુ એનાથી આંતરિક અંગોનો વ્યાયામ પણ થાય છે. ભારતીય સંગીત શાસ્ત્રના આચાર્યો અને વિદ્વાનોના મતાનુસાર ગાયનમાં અવાજ નાભિકેન્દ્ર દ્વારા ઉત્પન્ન થઈને બ્રહ્મરંધ્ર સુધી પહોંચે છે તથા કંઠ, તાલુપ્રદેશ, ફેફસાં, હૃદય, આમાશય, યકૃત અને આંતરડાંને પ્રભાવિત કરતાં એક ગતિચક્ર બનાવતાં પુન: પોતાનાં

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

ઉદ્ગમ સ્થાન પર પહોંચે છે. ધ્વનિનું આ કંપન સ્વયંના પ્રભાવક્ષેત્રના અવયવોની આવશ્યકતાઓની તો પૂર્તિ કરે જ છે અપિતુ એને પર્યાપ્ત માત્રામાં પ્રાણવાયુ પણ પૂરો પાડે છે. ગાયન સ્નાયુઓમાં એક વિશેષ પ્રકારનો વિદ્યુત આવેગ ઉત્પન્ન કરે છે જે શરીરમાં સ્થિત ચક્રોને તથા ગ્રંથિઓને સુસંચાલિત કરે છે અને શરીર તથા મન ભાવાત્મક ઐક્ય સાધે છે.

ગાયન ઉપરાંત વાદ્યસંગીતનું પણ આગવું મહત્વ છે. પ્રાગૈતિહાસિક ગ્રંથોમાં માનવ શરીરને 'ગાત્ર વીણા'ની ઉપમા આપવામાં આવી છે. વીણા એ પ્રાચીન વાદ્ય છે. વાદન દ્વારા મસ્તક, ગરદન, કરોડરજ્જુ તથા સંબંધિત અવયવોનો વ્યાયામ થાય છે. સંગીતના સ્વર અને લય પ્રકૃતિના લય સાથે તાદાત્મ્યનું સંધાન કરે છે અને એના દ્વારા ઉત્પન્ન એક વિશેષ ધ્વનિપ્રવાહ મનુષ્ય તથા પ્રકૃતિ વચ્ચે સાતત્યપૂર્ણ વિનિમય જાળવે છે. ભારતીય સંગીતમાં રાગોને તેમનાં ભાવ-વિશ્વ અનુસાર નિશ્ચિત સમયાવધિમાં વિભાજીત કરવામાં આવ્યા છે. રાગ તેના નિશ્ચિત સમયે ગાવા-વગાડવાથી તે સમગ્ર પર્યાવરણને પ્રભાવિત કરે છે. આદિકાળમાં શ્રીકૃષ્ણની વાંસળીનું સંમોહન અને આધુનિક કાળમાં પં. ઓમકારનાથજી ઠાકુર દ્વારા મુસોલિનીનો અનિદ્રાનો રોગ દૂર થયો હોવાની ઘટનાઓ પ્રાચીનકાળથી લઈને આધુનિક કાલ સુધી સંગીતની મન પર ગહન અસર હોવાનું સ્પષ્ટ પ્રમાણ આપે છે.

સંગીતના સ્વરોમાં એટલી ક્ષમતા તો છે જ કે જડ-ચેતન પદાર્થોને તો પ્રભાવિત કરવામાં સામર્થ્યવાન છે જ પરંતુ પશુઓ, પક્ષીઓ કે જલ-સ્થલમાં નિવાસિત અન્ય જીવસૃષ્ટિ પણ સંગીતની દિવ્યતાથી અપ્રભાવિત નથી રહી શકતી. પશુ-પક્ષીઓ મનુષ્યની કદાચ ભાષાને નથી ગ્રહણ કરી શકતાં પરંતુ સંગીતના સ્વર-સમુદાયોની વિશેષ અસર એમના પર પડે છે. તેમનામાં સંગીત એક જન્મજાત ગુણ છે. વિદેશોની કેટલીક ગૌશાળાઓમાં ગાયોને સંગીતની કેટલીક રેકોર્ડ્સ સંભળાવવાથી તેમનાં દૂધનાં ઉત્પાદનમાં વૃદ્ધિ થઈ હોવાનાં સ્પષ્ટ પ્રમાણ છે.

આજથી એક શતક પૂર્વે વિકાસવાદના પ્રવર્તક ચાર્લ્સ ડાર્વિને બાસૂન નામનું વાદ્ય વગાડીને સંવેદનશીલ છોડવાઓને ઉદ્દીપ્ત કરવાનો અનેકવાર પ્રયાસ કર્યો પરંતુ એમને સફળતા ન મળી તત્પશ્ચાત્ ઈસ.૧૮૭૭માં જર્મનીના સુવિખ્યાત વનસ્પતિ વિશેષજ્ઞ ફેફરે પણ આ દિશામાં સંશોધન કર્યા. ઈસ.૧૯૫૦થી અન્નામલાઈ વિશ્વવિદ્યાલયનો વનસ્પતિશાસ્ત્ર વિભાગ આ વિષયમાં અનેક પ્રયોગો દ્વારા સિદ્ધ કરી ચુક્યો છે કે ધ્વનિ તરંગોનો વનસ્પતિઓની વૃદ્ધિ તથા વિકાસ પર પ્રભાવ પડે છે. એમણે વનસ્પતિ પર ધ્વનિના પ્રભાવના જે પ્રયોગો કર્યા તેને ત્રણ વિભાગોમાં વિભાજીત કરી શકાય.

૧. પ્રયોગશાળામાં કૂંડામાં ઉગાડવામાં આવેલા છોડ પર પ્રયોગ

૨. ખેતરોમાં પ્રયોગ અને

૩. વનસ્પતિ પર શરીર-શાસ્ત્રીય પ્રયોગ

ધ્વનિ એક સુનિશ્ચિત, પરિમેય અને ભૌતિક વસ્તુ છે. ધ્વનિ પ્રકાશ અને તાપની જેમ શક્તિમાન હોય છે. અધિકાંશ પ્રયોગોમાં ધ્વનિ-પ્રેષણનું માધ્યમ વાયુ, જલ અને માટીનો ઉપયોગ કરવામાં આવ્યો. ધ્વનિ ઉત્પત્તિ માટે હાર્મોનિયમ, વાયોલીન, વીણા, વાંસળી તથા નાગસ્વરમ્(શરણાઈ જેવું દક્ષિણ-ભારતીય માંગલિક વાદ્ય)જેવાં વાદ્યોનો ઉપયોગ કરવામાં આવ્યો. વનસ્પતિઓને 'પ' જેવો એક સ્વર, 'સા પ સા' જેવા મિશ્રિત સ્વર અથવા માયામાલવગૌડ(ઉત્તર ભારતીય રાગ ભૈરવ), ધનાશ્રી, ભૈરવી, સિંહેન્દ્ર મધ્યમ, ચારૂકેશી જેવા કર્ણાટકી રાગોનાં રૂપમાં ધ્વનિઓ નિયમિત રૂપે સંક્રમિત કરવામાં આવ્યા.

અમેરિકાના ચિકિત્સક ડૉ. હાર્લ્સ એસ્ટલેએ સંગીત દ્વારા ચિકિત્સાની પ્રક્રિયાને અધિક વ્યવસ્થિત કરવાનો પ્રયત્ન કર્યો છે.તેમણે લગભગ ૨૦ વર્ષો સુધી આ જ પદ્ધતિથી ચિકિત્સા કરી અને દર્શાવ્યું કે એલોપથી દ્વારા રોગમુક્ત થવાની અપેક્ષાએ સંગીત ઉપચાર દ્વારા સ્વસ્થ થનારાનો અનુપાત અધિક છે.

ભારતીય જીવનમાં સંગીત એ સમયથી વ્યાપ્ત છે જ્યારથી વિશ્વનો વિકાસ પણ પૂર્ણ રૂપે થયો ન હતો. જેમ જેમ મનુષ્યમાં સંસ્કૃતિનો વિકાસ થયો તેમ તેમ સંગીત જીવનની અધિકાધિક નિકટ આવતું ગયું. આધુનિક યુગમાં ટેકનોલોજીની ઉન્નતિની સાથે સાથે તણાવભર્યાં વાતાવરણમાં મનુષ્ય સંગીત દ્વારા માનસિક શાંતિની આવશ્યકતા અનુભવવા લાગ્યો. આજના વૈશ્વીકરણના ગતિશીલ સમયમાં સમગ્ર વિશ્વ પરિવર્તનને આવકારી રહ્યું છે. Globlization, ભૂમંડલીકરણ કે

http://vidyajournal.org

વૈશ્વીકરણનો અર્થ છે વિશ્વમાં ચતુર્દિશ એકીકરણ. વૈશ્વિક સ્તર પર સાંભળવામાં આવતું કે ગવાતું સંગીત એ ગ્લોબલ સંગીત જ છે. જ્યાં ભાષાનો અંત થાય છે ત્યાં જ સંગીતનો ઉદય છે. વિશ્વનાં તમામ પ્રકારના સંગીત ચાહે તે શાસ્ત્રીય સંગીત હોય, લોકસંગીત, ઉપશાસ્ત્રીય, સુગમ, ફિલ્મી કે પછી રોક મુસિક, જાઝ કે પોપ મ્યુઝિક હોય એ સર્વનો પાયો સ્વર,લય અને તાલ જ છે. 'સંગીત' શબ્દમાં જ સમ્ અને ગીત આ બે શબ્દો નિહિત છે. સમ્યક્ રીતે પ્રસ્તુત કરવામાં આવેલું ગીત એ સંગીત છે. સ્વર-સંગીતથી ભાવ-વિશ્વમાં રસનિર્માણ થાય છે. વિશેષ રાગ, વિશેષ સ્વરસમૂહ, ઉચિત શબ્દો, સુસ્વાર વાદ્ય, સુયોગ્ય વાતાવરણ, ગાયકનું કંઠમાધુર્ય વગેરે જેવા અનેક ઘટકો સંગીત દ્વારા રસોત્પત્તિ કરે છે. આધુનિક સંગીત ટેકનોલોજી સાથે હરણફાળ ભરી રહ્યું છે. સંગીતના વૈશ્વીકરણમાં ટેકનોલોજીનું મહત્તમ પ્રદાન છે. પ્રાચીન કાળથી જ 'वसुधैव कुटुम्बकम्' - આ વિચારધારા આપણી સંસ્કૃતિનો આધાર છે. 'यजुर्वेद'માં કહેવાયું છે કે 'आ नो भद्रा: क्रतवो यन्तु विश्वतः।' અર્થાત્ હે પરમ પ્રકાશક પરમાત્મા, સદવિચાર બધી દિશાઓથી આવે. વૈશ્વીકરણના આધુનિક પરિવેશમાં વિશ્વની સાંસ્કૃતિક અને સામાજિક એકતામાં તથા પર્યાવરણ માટે પ્રભાવકારી વલણ દાખવવામાં સંગીતનું ઉચ્ચતમ સ્થાન છે. વર્તમાન પરિપ્રેક્ષ્યમાં ઉપભોક્તાવાદી કાલાવધિ વચ્ચે પણ ભારત આંતરરાષ્ટ્રીય સ્તરે સંગીતિક સંબંધ બનાવીને વિશ્વ-શાંતિ, વિશ્વ-બંધુત્વની વિભાવનાને સાકાર અને સાતત્યપૂર્ણ સ્વરૂપ આપવામાં પ્રયાસરત છે.

## સંદર્ભ સૂચિ

1. डॉ. शरच्चंद्र श्रीधर परांजपे, भारतीय संगीत का इतिहास
2. संगीत एवं प्रकृति, संगीत मासिक, अक्तूबर 1996
3. श्याम दडपे, भाव संगीत एवं शास्त्रीय संगीत, संगीत कलाविहार, जून २०१९.
4. मनोविज्ञान, दुर्गानंद सिन्हा
5. निबंध-संगीत, सं. लक्ष्मीनारायण गर्ग